| | | |
|---|---|---|
| GJKH040008712022 | | કેસ દાખલ થયા તા.૧૯.૧૧.૨૦૨૨<br>કેસ રજી.થયા તા.૧૯.૧૧.૨૦૨૨<br>કેસ ફેંસલ તા.૨૪.૦૩.૨૦૨૬<br>સમયગાળો : વર્ષ, માસ, દિવસ<br>૦૩–૦૪–૦૫ |

## –: નમુનો–અ :–

| **માતરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ,<br>મુ.માતર.<br>ચુકાદાની તારીખ: ૨૪–૦૩–૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૬૬૧–૨૦૨૨<br>આંક–** | |
|---|---|
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ફ.ગુના રજી.નં.૧૧૨૦ ૪૦૪૦ ૨૨૦૦૭૮ /૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | માતર, તા.માતર, જી.ખેડા |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપી પક્ષ | નટુભાઇ રમણભાઇ ચૌહાણ,<br>રહે.આણંદ ગામડી ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં, તા.જી.આણંદ. |
| રજુઆત | વિ.વ.શ્રી કે.આઇ.બ્રહમભટ |

## –: નમુનો–બ :–

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૫–૦૪–૨૦૨૨ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૦૫–૦૪–૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૧૯–૧૧–૨૦૨૨ |
| પ્લી/તહોમતની તારીખ | ૨૦–૦૭–૨૦૨૩ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૧૫–૦૭–૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | – |

**જયુડી.મેજી.ફ.ક.માતર** **(નરેન્દ્રકુમાર)**
**કોડ:જીજે.૦૧૪૪૦**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૪–૦૩–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શુ નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો **CRPC**–428 મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | નટુભાઇ રમણભાઇ ચૌહાણ | ૧૬–૪–૨૦૨૨ | ૧૬–૪–૨૦૨૨ | ભારતીય દંડ સંહિતા ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી. એકટ ની કલમ–૧૭૭, ૧૮૪ | વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકયા | – | – |

**:: નમુનો –ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયનાં સાક્ષીની યાદી તથા દસ્તાવેજી પુરાવા**

**અ. ફરીયાદપક્ષ**

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૯ | ફરીયાદી સિધ્ધરાજભાઇ જશભાઇ | ફરીયાદી |
| ૨ | ૧૦ | ફરીયાદ | – |
| ૩ | ૧૧ | સાહેદ ચીરાગભાઇ જગદીશભાઇ | સાહેદ |
| ૪ | ૧૩ | સાહેદ નીરજંનભાઇ પુંજાભાઇ | સાહેદ |
| ૫ | ૧૪ | સાહેદ સત્યનારાયણ નીરંજન | સાહેદ |
| ૬ | ૧૫ | સાહેદ સ્ટીવન પ્રકાશભાઇ મેકવાન | સાહેદ |
| ૭ | ૧૬ | સાહેદ રોનક મનુભાઇ | સાહેદ |
| ૮ | ૨૧ | સાહેદ વિશાલભાઇ અનિલકુમાર શર્મા | સાહેદ |
| ૯ | ૨૨ | સાહેદ અંકિતકુમાર મફતભાઇ | સાહેદ |
| ૧૦ | ૨૩ | પંચ અમરસીહ ભુપતભાઇ | પંચ સાહેદ |
| ૧૧ | પી.૧ | પંચનામુ | – |
| ૧૨ | ૨૪ | પંચ પુંજાભાઇ જીવાભાઇ | પંચ સાહેદ |
| ૧૩ | ૨૫ | ત.ક.અ. શૈલેષભાઇ લક્ષ્મણભાઇ | ત.ક.અ. |
| ૧૪ | પી.૨ | ટેલીફોન વર્ધી | – |
| ૧૫ | પી.૩ | ટેલીફોન વર્ધી | – |

**જયુડી.મેજી.ફ.ક.માતર** **(નરેન્દ્રકુમાર)**
**કોડ:જીજે.૦૧૪૪૦**

| | | | |
|---|---|---|---|
| ૧૬ | પી.૪ | ટેલીફોન વર્ધી | – |
| ૧૭ | પી.૫ | અંકીતકુમારનુ સારવાર સર્ટી | – |
| ૧૮ | પી.૬ | સત્યનારાયણનુ સારવાર સર્ટી | – |
| ૧૯ | પી.૭ | ચીરાગભાઇનુ સારવાર સર્ટી | – |
| ૨૦ | પી.૮ | વીશાલભાઇનુ સારવાર સર્ટી | – |
| ૨૧ | પી.૯ | સ્ટીવન પ્રકાશભાઇનુ સારવાર સર્ટી | – |
| ૨૨ | પી.૧૦ | નટુભાઇ રમણભાઇનુ સારવાર સર્ટી | – |
| ૨૩ | પી.૧૧ | ચીરાગભાઇનુ સારવાર સર્ટી | – |
| ૨૪ | પી.૧૨ | રોનકભાઇનુ સારવાર સર્ટી | – |

## :: જ જ મે ન્ટ ::

**(૧) કેસની ટુંકી હકીકત :–**

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત જોઇએ તો, આ કામના આરોપીએ તા.૫/૪/૨૦૨૨ ના રોજ કલાક ૧૮/૧૫ સુમારે મોજે વડોદરા અમદાવાદ નાચરા પેટ્રોલ પંપ સામે સોખડા ગામની સીમ રોડ ઉપર આરોપીએ પોતે પોતાની ટાટા હેરીયર ચેચીસ નં.MAT631500NPC58868 ની પુરઝડપે બેફીકરાઇ ભરી રીતે ચલાવી ઈકો ગાડીને પાછળથી ટકકર મારી સાહેદ સત્યનારાયણ ને નાક તેમજ કપાળ ઉપર ફેકચર કરી તેમજ બીજા ત્રણને શરીરે વતા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોચાડી ગુનો કરતા આ કામનાં ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસ ગુનો નોધી તપાસના અંગે હાલનાં આરોપી વિરુધ્ધ ચાર્ઝસીટ રજુ કરેલ છે.

**(૨) ન્યાયીક કાર્યવાહી :–**

આ કામના આરોપી સામે ચાર્ઝસીટ રજુ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેના અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થયેલ. ત્યાર બાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૦ મુજબ ચાર્ઝસીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની

ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૬૩ અન્વયે ગુના અંગેની સમજ કરી, આરોપીનો **આંક–૩** થી ગુના અંગેનો જવાબ નોંધતા,તેમાં આરોપીએ 'મને ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

**(૩) બચાવપક્ષનો પુરાવો :–**

ત્યાર બાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ કોઇ વિશેષ પુરાવો રજુ થયેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવા લક્ષમાં લેતા આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોધવામાં આવેલ છે.

**(૪) દલીલો ::**

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળી.

(૫) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કાસના આખરી નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદાઓ ::**

*(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૫/૪/૨૦૨૨ ના રોજ કલાક ૧૮/૧૫ સુમારે મોજે વડોદરા અમદાવાદ નાયરા પેટ્રોલ પંપ સામે સોખડા ગામની સીમ રોડ ઉપર આરોપીએ પોતે પોતાની ટાટા હેરીયર ચેચીસ નં.MAT631500NPC58868 ની પુરઝડપે બેફીકરાઇ ભરી રીતે ચલાવી ઇકો ગાડીને પાછળથી ટકકર મારી સાહેદ સત્યનારાયણ ને નાક તેમજ કપાળ ઉપર ફેકચર કરી તેમજ બીજા ત્રણને શરીરે વતા ઓછા પ્રમાણમાં ઇજાઓ પહોચાડી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.?*

*(૨) શું હુકમ ?*

(૬) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ

## :: કારણો ::

(૭) ફરીયાદપક્ષે આંક–૯ થી ફરીયાદી સિધ્ધરાજભાઈ જશભાઈ ભરવાડ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, વણસર પાટીયા પાસે સ્વીચ કંપનીમાં ઈકો ગાડી માણસોને લાવવા લઈ જવા માટે ભાડે મુકેલી અને આ ગાડી તેઓ ચલાવતા હતા. બનાવ આજથી ૨–૩ વર્ષ અગાઉ વણસર પાટીયા નાયરા પેટ્રોલ પંપ પાસે સાંજના છ વાગે બનેલો. બનાવ સમયે તેઓ ઈકો ગાડી લઈ કંપનીનાં સાહેબોને નડીઆદ મુકવા જતા હતા. તેઓ કંપનીમાંથી ગાડી લઈ બહાર નીકળી  થોડે આગળ જતા પાછળથી ટાટા હેરીયર આવીને તેમની ઈકો ગાડી સાથે જોરથી અથડાવેલી. જેથી તેમની ઈકો ગાડી પલ્ટી ખાઈ ગયેલી. તેમની સાથે બેઠેલા કર્મચારીને કાચ વાગેલા અને તેઓને કોઈ ઈજા થયેલી નહી. આ ટાટા હેરીયર ગાડીનો નંબર પ્લેટ લગાડેલ ન હતુ. ટાટા હેરીયર ગાડીના ચાલકને જોયે ઓળખી શકે જે કોર્ટમાં હાજર છે તે જ છે. બનાવ અંગેની ફરીયાદ આપેલી. ફરીયાદ બતાવતા જેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય જેને આંક–૧૦ આપવામાં આવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ આરોપીને બનાવ સ્થળે જોયેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેઓએ આ આરોપીને એમ્બ્યુલન્સમાં નાંખ્યો હતો.

(૭.૧) આંક–૧૧ થી સાહેદ ચીરાગભાઇ જગદીશભાઇ ચૌહાણ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બે વર્ષ અગાઉ બનેલો. તેઓ નટુભાઇ રમણભાઇને ઓળખે છે તે તેમના શો રુમમાં ડ્રાઇવર કમ નવી ગાડીઓનુ ઇન્સ્પેકશનનુ કામ કરે છે. બનાવ માતર ટોલ ટેકસ પાસે સાંજનાં સમયે બનેલો. બનાવ સમયે તેઓ, રોનક, સ્ટીવન અને નટુભાઇ હેરીયર ગાડી લઇને અમદાવાદ તેમના શો રુમમાં મુકવા જતા હતા. આ ગાડી નટુભાઇ ચલાવતા હતા. તેમની ગાડીની આગળ એક ઇકો ગાડી જતી હતી અને એકદમ સાઇડ આપ્યા વગર કે સાઇડ સીગ્નલ આપ્યા વગર યુ ટર્ન લેવા જતા તેમની ગાડી ઇકો ગાડીને અથડાઇ ગયેલ. તેઓ ચારેયને ઇજા થયેલી. તેઓને નડીઆદ સીવીલ હોસ્પીટલમાં લઇ ગયેલા. તેઓની ગાડી ૬૦ ની આસપાસની સ્પીડમાં જતી હતી. આ અકસ્માત ઇકો ગાડીને કારણે થયેલો. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલો. સદર સાહેદ પોલીસ નીવેદનને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતમાં કબુલ કરેલ છે કે, તેમના ડ્રાઇવર સામાન્ય ગતિએ ગાડી ચલાવતા હતા.

(૭.૨) આંક–૧૩ થી સાહેદ નિરંજનભાઇ પુંજાભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૨ વર્ષ પહેલા વણસર રોડ ઉપર સાંજના પાંચ વાગે બનેલો. બનાવ સમયે તેઓ ઇકો લઇને ગામ સંધાણા જતા હતા. તે સમયે તેઓ એકલા હતા. સીધ્ધરાજ તેમનો ભાઇ થાય છે અને તેઓ તેમની ઇકો ગાડી લઇને નડીઆદ જતા હતા. આ ઇકો ગાડીમાં ૩ માણસો બેઠા હતા. તે સમયે એક ટાટા હેરીયર ગાડીવાળાએ પાછળથી ઇકો ગાડીને અથડાવી દીધેલ તેમા સત્ય નારાયણભાઇને ઇજા થયેલી. તેમજ બીજા એક ભાઇને ઇજા

થયેલી તેનુ નામ હાલ યાદ નથી. આ હેરીયર ગાડીને નંબર પ્લેટ ન હતી. તેઓ હેરીયર ગાડીનાં ડ્રાઈવરને જોયે ઓળખે છે. જે કોર્ટમાં હાજર છે. આ હેરીયર ગાડી સ્પીડમાં આવતી હતી. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતમાં કબુલ કરેલ છે કે, બનાવની તારીખ તેમજ વાર તેઓ કહી શકે નહી. હેરીયર ગાડીનાં ડ્રાઈવરે કેવો પહેરવેશ પહેરેલ તે તેઓ કહી શકે નહી.

(૭.૩) આંક–૧૪ થી સાહેદ સત્યનારાયણ નિરંજન શેઠી તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બે વર્ષ પહેલા નેશનલ હાઈવે ઉપર સાંજે પાંચ છ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ સમયે તેઓ ઈકોમાં કંપનીમાંથી છુટી ઘરે જતા હતા આ ઈકો માં ત્રણ ચાર જણા હતા અને પાછળથી એક ગાડીવાળાએ આવી તેમની ઈકો સાથે અકસ્માત કરેલો. તેઓને બનાવમાં કપાળના ભાગે ઈજા થતા તેઓ બેભાન થઈ ગયેલા. તેઓને હોસ્પીટલ લઈ ગયેલા. તેઓને અકસ્માત કરનાર ગાડીનો નંબર  ખબર નથી. તેમજ તેના ચાલકને જોયેલ નહી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલો. સદર સાહેદ પોલીસ નીવેદનને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતમાં કબુલ કરેલ છે કે, બનાવ કેવી રીતે બનેલો તેની ખબર નથી.

(૭.૪) આંક–૧૫ થી સાહેદ સ્ટીવન પ્રકાશભાઈ મેકવાન તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, બનાવ ૩ વર્ષ અગાઉ ટોલનાકા નજીક પેટ્રોલપંપની સામે સાંજના ૬–૩૦ વાગ્યાની આસપાસ

બનેલ. બનાવના દિવસે તેઓ કંપનીમાંથી કંપનીની હેરીયર ગાડી લઈને અમદાવાદ જવા માટે નીકળેલા અને આ ગાડીના ચાલક નટુભાઈ હતા અને સાથે રોનકભાઈ અને ચીરાગભાઈ હતા. તેઓ જતા હતા અને આગળ એક ઈકો ગાડી જતી હતી અને તેને સાઈડ સીગ્નલ આપ્યા સીવાય જમણી બાજુ વાળી દેતા તેમની ગાડીનો આગળનો ડ્રાઈવર સાઈડનો ખુણો ઈકો ગાડીને અડી ગયેલ અને તેઓની ગાડીને નુકશાન થયેલ. તેઓ ગાડીમાં ડ્રાઈવરની બાજુમાં બેઠેલ હોય જેથી તેઓને ડાબા ગાલ ઉપર ઈજા થયેલ અને નટુભાઈને કોઈ ઈજા થયેલ નહી પરંતુ ચીરાગભાઈને પાછળ બેઠેલા હોય કમરમા આંચકો આવેલો. ઈકો ગાડીવાળાને કોઈને વાગેલ કે કેમ તેની ખબર નથી. આ ઈકો ગાડીનો નંબર ખબર નથી. ઈકો ગાડીના ચાલકને જોયેલ નથી. તે કોર્ટમા હાજર હોય તો ઓળખી શકે નહી. પોલીસે જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની ગાડીનાં ડ્રાઈવરના વાંકના લીધે બનાવ બનેલ.

(૭.૫) આંક-૧૬ થી સાહેદ રોનક મનુભાઈ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૩ વર્ષ અગાઉ ટોલનાકા નજીક પેટ્રોલપંપની સામે સાંજના પોણા સાત વાગ્યાની આસપાસ બનેલ. બનાવના દિવસે તેઓ, નટુભાઈ, સ્ટીવન અને ચીરાગભાઈ હેરીયર ગાડી લઈને અમદાવાદ મુકવા જતા હતા અને ગાડીના ચાલક નટુભાઈ હતા. તેઓએ ટોલ ટેક્ષ પાસ કરી આગળ જતા નાયરા પ્રેટ્રોલ પંપ પાસે તેમની ગાડી આગળ ઈકો ગાડી ચાલતી હતી આ ઈકો ગાડીના ચાલકે સાઈડલાઈટ બતાવ્યા વગર હાઈવેની છેલ્લી લાઈનમાંથી જમણી બાજુ ટન લીધેલ. જેથી તેની ગાડી ઈકો ગાડી સાથે અથડાઈ ગયેલ. બનાવમા ઈકો ગાડી પલટી મારી ગયેલ. અને તેમા બેઠેલ માણસોને પણ ઈજા થયેલી

અને તેઓને પણ ઈજા થયેલી. તેઓને કમરના ભાગે ઈજા થયેલી. તેઓએ પહેલા ખેડા સીવીલ હોસ્પીટલ સારવાર લીધેલી અને ત્યારથી કરમસદ હોસ્પીટલ સારવાર લીધેલી. તેઓની ગાડી સામાન્ય ગતિએ જતી હતી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતમાં કબુલ કરેલ છે કે,

(૭.૬) આંક–૨૧ થી સાહેદ વિશાલભાઈ અનિલકુમાર શર્મા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી ૧ વર્ષ અગાઉ ખેડા–નડીઆદ હાઈવે ઉપર નાયરા પેટ્રોલ પંપ પાસે સાંજના છ વાગ્યાની આસ પાસ બનેલો. બનાવ સમયે તેઓ સ્મીથ કંપનીમાં છુટીને તેઓ, ચીરાગભાઈ, અંકીતભાઈ, સત્યનારાયણભાઈ વગેરે તેમી ઈકો ગાડીમાં બેસીને નડીઆદ જતા હતા.બનાવ સમયે સોખડા પાસે તેમની ઈકો ગાડી પાછળથી એક ગાડીવાળાએ ટકકર મારતા તેમની ઈકો ગાડી પલ્ટી ખાઈ ગયેલી જેમાં તેઓ બધાને નાની મોટી ઈજાઓ થયેલી. તેઓને બંને હાથ અને પગમાં ઈજા થયેલી. તેઓ બધાને ખેડા સીવીલ હોસ્પીટલમા સારવાર અર્થે લઈ ગયેલા. આ પાછળથી આવતી કેવી રીતે આવતી હતી તેની ખબર નથી. તેઓએ તેનો નંબર જોયેલ નહી તેના ચાલકને જોયે ઓળખી શકે નહી. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૭.૭) આંક–૨૨ થી સાહેદ અંકિતકુમાર મફતભાઈ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૨૨ ની સાલમાં સાંજના સાડા છ ની આસપાસ રધવાણજ ચોકડી પાસે બનેલો. બનાવ સમયે તેઓ ઈકોમાં કંપનીના વિશાલભાઈ, સત્યનારાયણ તથા ચિરાગભાઈ અમે કંપનીમાંથી છુટી નડીયાદ જતા હતા.

ડાયવર સિધ્ધાર્થભાઇ કરીને હતા. તે વખતે પાછળથી એક ગાડી વાળાએ ઇકોને ટકકર મારેલી જેથી ઇકો ગાડી બે વાર પલટી ખઇ ગયેલ. તેઓને માથામાં પાછળના ભાગે ઇજા થયેલી. તેઓને સારવાર અર્થે ખેડા સીવીલ હોસ્પીટલ લઇ ગયેલા. આ અકસ્માત કરનાર ગાડી ફોર વ્હીલર હતી. તેના નંબરની ખબર નથી અને તેના ચાલકને ઓળખી શકે નહી. પાછળથી ગાડી સ્પીડમાં આવેલી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલ.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ સમયે અંધારુ હતુ. તેઓ ઇકો ગાડીમાં પાછળની સીટે બેઠેલા.

(૭.૮) આંક–૨૩ થી પંચ અમરસીહ ભુપતભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે ૨–૩ વર્ષ અગાઉ પોલીસે વણસર પેટ્રોલ પંપ પાસે બોલાવેલ. તે સમયે પેટ્રોલ પંપ ઉપર બાઇક લઇને પેટ્રોલ પુરાવા માટે ઉભા હતા. તે સમયે રોડ ઉપર એક ઇકો ગાડી જતી હતી અને તેની પાછળ એક ટાટા વાળાની ગાડી આવીને પાછળથી અકસ્માત કરેલો. આ ઇકો ગાડી તેમના ગામની હતી જેથી ત્યા ગયેલા. તેથી પોલીસે સહી લીધેલી. તેઓને પી.૧ વાળુ પંચનામુ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. ઇકો ગાડી આખી લોસ થઇ ગયેલી. આ ઇકો ગાડી અમદાવાદ તરફ જતી હતી. ઇકો ગાડીનો નંબર ખબર નથી. અકસ્માત કરનાર ગાડીનો નંબર પણ ખબર નથી. આ પંચનામુ તેઓની રૂબરૂ કરેલુ. રોડની આજુબાજુ કંપની તેમજ પેટ્રોલ પંપ આવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓ ત્યાં ઉભા હતા અને પોલીસ આવેલી અને પંચનામુ કરી સહી કરવાનુ કહેતા સહી કરેલી.

(૭.૯) આંક–૨૪ થી પંચ પુંજાભાઇ જીવાભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે ૪–૫ વર્ષ અગાઉ માતર થી સંધાણા જતા હતા અને વણસર પેટ્રોલ પંપ પાસે સંધાણા ગામની ગાડીને અકસ્માત થયેલ છે જેથી ત્યા ગયેલો. ત્યા આગળ ઈકો ગાડીને અકસ્માત થયેલો.પોલીસે બોલાવેલ અને સહી કરવાનુ કહેતા સહી કરેલી. તેઓને આંક–પી.૧ વાળુ પંચનામુ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદ પંચનામાની વિગત હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ પંચનામાને સમર્થનકારી કોઇ હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૭.૧૦) આંક–૨૫ થી ત.ક.અ. શૈલેષભાઇ લક્ષ્મણભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૫/૪/૨૨ ના રોજ માતર પો.સ્ટેમાં ફરજ બજાવતા હતા તે વખતે પી.એસ.ઓ. તરીકે નરેશભાઇ ચાર્ઝમાં હતા. રાત્રીના અગીયાર વાગે શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદથી ડો. જૈનીલ પટેલની ટેલીફોનવર્ધી આવેલ કે દર્દી નામે (૧) સ્ટીવન પ્રકાશભાઇ (૨) ચિરાગભાઇ જગદીશભાઇ, (૩) રોનક મનુભાઇ (૪) નટુભાઇ રમણભાઇ વગેરેનાઓ તા. ૫/૪/૨૨ ના અંદાજે ૧૯–૦૦ કલાકે ને.હાઇવે ૮ ઉપર નાયરા પેટરોલ પંપ પાસે ફોરવ્હીલની બીજી ફોર વ્હીલ જોડે અથડાતા તેઓને ઈજાઓ થતા અત્રેની હોસ્પીટલમાં દાખલ કરેલ છે તે ટેલીફોન વર્ધી નરેશભાઇએ લખી લીધેલ અને આગળની કાર્યવાહી માટે સોંપેલ. તે ટેલીફોન વર્ધીને આંક–પી.૨ આપવામાં આવેલ છે. તેમજ ખેડા સીવીલ હોસ્પીટલ થી ડોકટર મનીષ પટેલની ટેલીફોનવર્ધી આવેલ કે દર્દી નામે (૧) સ્ટીવન પ્રકાશભાઇ (૨) ચિરાગભાઇ જગદીશભાઇ, (૩) રોનક મનુભાઇ (૪) નટુભાઇ રમણભાઇ વગેરેનાઓ આજ સાંજે ૬–૧૫ કલાકે

નાયરા પેટરોલ પંપ પાસે ઇકો કાર સાથે અકસ્માત થતા અત્રેની હોસ્પીટલમાં લાવેલ છે. રોનક અને ચિરાગભાઇને વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ ટાન્સફર કરેલ છે તે મતલબની ટેલીફોન વર્ધી નરેશભાઇએ લખી લીધેલ અને આગળની કાર્યવાહી માટે સોંપેલ. તે ટેલીફોન વર્ધીને આંક–પી.૩ આપવામાં આવેલ છે. મહાગુજરાત હોસ્પીટલામાંથી ડો. કિંજલ પ્રજાપતિએ ટેલીફોનવર્ધી આવેલ કે દર્દી નામે (૧) ચિરાગભાઇ જગદીશભાઇ, (૨) અંકિત મફતભાઇ (૩) સત્યનારાયણ શેટ્ટી (૪) વિશાલ શર્મા વગેરેનાઓ એપેક્ષ હોટલ નજીક અજાણયા વાહન સાથે અકસ્માત થતા ચારે દર્દીને ઇજા થયેલ છે. સત્યનારાયણભાઇની સ્થિતી ગંભીર છે તે મતલબની ટેલીફોન વર્ધી નરેશભાઇએ લખી લીધેલ અને આગળની કાર્યવાહી માટે સોંપેલ. તે ટેલીફોન વર્ધીને આંક–પી.૪ આપવામાં આવેલ છે. આ કામના ફરીયાદી સિધ્ધરાજભાઇ જશભાઇ તા.૫/૪/૨૨ ના રોજ પીએસઓ નરેશભાઇ રૂબરૂ ફરીયાદ આપેલી. સદર ફરીયાદ પીએસઓએ ફ.ગુના નં. ૭૮/૨૨ થી નોંધી આગળની તપાસ સોંપેલી. તેઓએ ઇજા પામનાર સાહેદોના નીવેદનો લીધેલા. તેમજ જરુરી પંચનામાઓ કરેલા ત્યારબાદ ઇજા પામનાર સાહેદોના નીવેદનો લીધેલા. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.આરોપી નામ.કોર્ટમા હાજર છે તે જ છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમાં સુચક પ્રશ્નનો ઇન્કાર કરેલ છે.

**પુરાવાનુ મુલ્યાંકન ::**

(૮) હવે આક્ષેપિત ગુનો સાબીત કરવા માટેનાં જે આવશ્યક તત્વો છે તે જોવામાં આવે તો આંક–૯ થી ફરીયાદી સીધ્ધરાજભાઇ જશભાઇ ભરવાડનો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવ હકીકતને સમર્થનકારી પુરાવો આપી આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ

છે. જયારે ઉલટ તપાસમાં કોઇ આરોપી વિરુધ્ધની હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં ફરીયાદી તેમની આંક-૧૦ વાળી ફરીયાદમાં જણાવે છે કે ગાડીને નંબર પ્લેટ ન હતી પરંતુ તેઓએ ચેચીસનો ફોટો મોબાઇલમાં પાડેલ હતો. જે ફોટો આ કામે રજુ કરેલ હોય તેવુ રેકર્ડ વંચાણે લેતા જણાય આવતુ નથી. આમ ફરીયાદીના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલ હોવાનુ માની શકાય છે પરંતુ હાલના અકસ્માતમાં હાલના હેરીયર ગાડીના ચાલકની બેદરકારીને કારણે બનાવ બનેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

વધુમાં આંક-૧૧ થી સાહેદ ચીરાગભાઇ જગદીશભાઇનો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવની હકીકત જણાવી આગળ જતી ઇકો ગાડીએ એકદમ સાઇડ આપ્યા વગર કે સાઇડ સીગ્નલ આપ્યા વગર યુટર્ન લેતાં અકસ્માત થયેલ. તેઓ ચારેય ગાડીમાં બેઠેલ તમામને ઇજા થયેલી. તેમની ગાડી ૬૦ ની સ્પીડમાં જતી હતી અને ઇકો ગાડીની ભુલના કારણે અકસ્માત થયેલો. જયારે ઉલટ તપાસમા કબુલ કરેલ છે કે, તેમના ડ્રાઇવર સામાન્ય ગતિએ ગાડી ચલાવતા હતા. આમ સદર સાહેદ બનાવ સમયે અકસ્માતમા સંડોવાયેલ ગાડીમાં બેઠેલ હતા જેથી તેઓ આરોપીની ગાડીમાં બેઠેલ હોય અને આરોપીને સમર્થનકારી પુરાવો આપે તેમાં કોઇ શંકા નથી અને સદર સાહેદ બનાવ સમયે હેરીયર ગાડીમાં સવાર હોય તેઓએ બનાવ જોયેલ હોય ઇકો ગાડીની ભુલના કારણે બનાવ બનેલાની હકીકત જણાવતા હોય ત્યારે સદર સાહેદના પુરાવાને નહી માનવાને કોઇ કારણ નથી. આમ સદર સાહેદના પુરાવાથી આરોપી વિરુધ્ધની કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી.

આંક-૧૩ થી સાહેદ નીરંજનભાઇ પુંજાભાઇનો પુરાવો જોતાં તેઓએ બનાવ હકીકતને સમર્થનકારી પુરાવો આપી હેરીયર ગાડીના ચાલકને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે તેમજ ગાડી સ્પીડમાં

આવતી હતી તેમ જણાવેલ છે. જયારે ઉલટ તપાસમાં બનાવની તારીખ અને વાર તેઓ કહી શકે નહી. હેરીયર ગાડીના ડ્રાઈવરે કેવો પહેરવેશ પહેરેલ હતો તે કહી શકે નહી. આમ જયારે સદર સાહેદ તેમના પુરાવામાં સરતપાસમા આરોપીએ ઓળખી બતાવે છે અને ઉલટ તપાસમાં આરોપીએ કેવો પહેરવેશ પહેરેલ તે કહી શકેલ નથી આમ સદર પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાય આવતો હોય સદર સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

આંક–૧૪ થી સાહેદ સત્યનારાયણ નીરંજન શેઢી નો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવ હકીકત જણાવેલ છે પરંતુ હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે બચાવપક્ષની ઉલટ તપાસમાં બનાવ કેવી રીતે બનેલ તેની ખબર નથી તેવી હકીકત જણાવતા હોય સદર સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

આંક–૧૫ થી સાહેદ સ્ટીવન પ્રકાશભાઇ મેકવાન નો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવ સમયે ઇકો ગાડીના ચાલકે તેમની ગાડી સીગ્નલ આપ્યા સીવાય જમણી બાજુ વાળી દેતા તેમની ગાડીનો આગળનો ખુણો ઇકો ગાડીને અડી ગયેલ. તેમજ તેઓને ઇજા થયેલી. ચીરાગભાઇને ઇજા થયેલી. જયારે ઉલટ તપાસમાં પણ આરોપી વિરુધ્ધની કોઈ જ હકીકત જણાવતા નથી. આમ સદર સાહેદ બનાવ સમયે અકસ્માતમા સંડોવાયેલ હેરીયર ગાડીમાં બેઠેલ હતા અને ઇકો ગાડીના ચાલકે તેની ગાડી સીગ્નલ આપ્યા વગર જમણી બાજુ વાળી દેતા હાલનો બનાવ બનેલ હોય તેમ જણાવી ઇકો ગાડીના ચાલકની બેદરકારીને કારણે બનેલાનુ જણાવતા હોય સદર સાહેદના પુરાવાથી હાલના આરોપીની બેદરકારી રેકર્ડ પર આવતી ના હોય સદર સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

આંક–૧૬ થી સાહેદ રોનક મનુભાઇ નો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવ હકીકત જણાવી તેઓને ઇજા થયેલાનુ જણાવેલ છે

અને તેઓની ગાડી સામાન્ય ગતિએ જતી હતી તેમ જણાવેલ છે. જયારે ઉલટ તપાસમાં આ અકસ્માત ઈકો ગાડીના ચાલકની ભુલના કારણે બનેલાનુ જણાવેલ છે. આમ સદર સાહેદના પુરાવાથી હાલના આરોપી વિરુધ્ધની કોઇ જ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

આંક–૨૧ થી સાહેદ વિશાલભાઈ અનિલકુમાર શર્મા નો પુરાવો વંચાણે લેતાં બનાવની હકીકતની જણાવી બધાને નાની મોટી ઈજાઓ થયેલી અને તેઓને બંને હાથ અને પગમાં ઇઈજાઓ થયેલી. જેથી સારવાર માટે લઈ ગયેલ.  પાછળથી આવેલી ગાડી કેવી રીતે આવતી હતી તેની ખબર નથી તેઓએ નંબર જોયેલ નહી તેના ચાલકને ઓળખી શકે નહી. સદર સાહેદના પુરાવાથી અકસ્માત કરનાર હેરીયર ગાડીના ચાલકની બેદરકારીને કારણે બનાવ બનેલાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

આંક–૨૨ થી સાહેદ અંકીતકુમાર મફતભાઈ નો પુરાવો વંચાણે લેતાં તેઓએ અકસ્માતના બનાવની હકીકત જણાવી બનાવમાં તેઓને માથાના પાછળના ભાગે ઈજા થયેલી અને સારવાર કરાવેલી. તેઓને ફોર વ્હીલર ગાડીનો નંબર ખબર નથી તેમજ ચાલકને પણ જોયેલ નથી તેમજ જોયે ઓળખી શકે નહી. પાછળથી ગાડી સ્પીડમાં આવેલી. જયારે ઉલટ તપાસમાં બનાવ સમયે અંધારુ હતુ અને તેઓ ઇકો ગાડીમાં પાછળની સીટે બેઠેલ. આમ સદર સાહેદના પુરાવાથી બનાવ બનેલ અને ઈજા થયેલાની હકીકત રેકર્ડ પર આવેલ છે પરંતુ બનાવમાં હાલના જ આરોપીની બેદરકારી અને ગફલભ ભરી રીતે ગાડી ચલાવી અકસ્માત કરેલાનુ નિ:શ્ંકપણ પુરવાર થતુ નથી.

આંક–૨૩ થી પંચ અમરસીહ ભુપતસીહ નો પુરાવો વંચાણે લેતાં પંચનામાની વિગત જણાવી આંક–પી.૧ વાળા પંચનામુ કરેલાની હકીકત જણાવેલ છે. જયારે ઉલટ તપાસમાં તેઓ ત્યાં ઉભા હતા અને પોલીસ આવેલી અને પંચનામુ કરી સહી કરવાનુ

કહેતા સહી કરેલી. આમ, સદર સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે આ ઈકો ગાડી તેમના ગામની હતી જેથી ત્યાં ગયેલા. આમ સદર સાહેદે પંચનામામા સહી કરેલાની હકીકત જણાવતા હોય સદર સાહેદના પુરાવાથી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર થતુ હોય તેમ નિ:શંકપણે માની શકાય નહી.

આંક–૨૪ થી પંચ પુંજાભાઈ જીવાભાઈનો પુરાવો વંચાણે લેતાં આંક–પી.૧ વાળા પંચનામામાં પોલીસે પંચનામા સહી કરવાનુ કહેતા સહી કરી આપેલી છે. સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદે માત્ર સહી કરેલ હોવા માત્રથી આંક–પી.૧ વાળુ પંચનામુ પુરવાર કરતા હોવાનુ માની શકાય નહી.

આંક–૨૫ થી ત.ક.અ. શૈલેષભાઈ લક્ષ્મણભાઈ નો પુરાવો વંચાણે લેતાં તેઓએ સદર કામની તપાસ સંભાળી લઈ જરુરી પંચનામાઓ કરી લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોધી લઈ ઈજા પામનાર સાહેદોના સારવાર સર્ટીફીકેટ તપાસના કામે કબજે લઈ આરોપીને નોટીસ આપી હાજર રહેતા સમય મર્યાદામા ચાર્જસીટ કરેલ છે. આમ સદર સાહેદે તેઓની ફરજના ભાગરુપે કરેલ કાર્યવાહીનો પુરાવો પુરો પાડેલ છે.

વધુમાં ફરીયાદી તથા સાહેદો પોતાના પુરાવામાં ગાડીના નંબર વિશેની કોઈ જ હકીકત જણાવતા નથી. આમ, સદર ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થાય તેવો પુરાવો રેકર્ડ મળી આવેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા બનાવ બાદની સ્થિતિ દર્શાવતો હોય હોય તે આધારે હાલનાં આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી.

(૯) વધુમાં સદર કામે બનાવમાં સાહેદોને શરીરે વતાઓછી ઈજાઓ પહોંચાડી ગાડીને નુકશાન પહોચાડેલ હોવાની ફરીયાદ હકીકત છે. જે બાબતે ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલ છે અને તેમાં સાહેદોને ઈજા થયેલાની હકીકત રેકર્ડ પર

આવેલ છે પરંતુ હાલના બનાવમાં હાલના જ આરોપી અને તેમનુ વાહન સંડોવાયેલ હોવાની હકીકત ફરીયાદ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નથી.

(૧૦) સદર કામે આરોપી સામે આક્ષેપીત ગુનાની ઈપીકો કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ વંચાણે લેવી જરુરી હોય જે નીચે મુજબ છે.

**ઇન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ ::**

279. **Rash driving or riding on a public way**.—Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

337. **Causing hurt by act endangering life or personal safety of others**.—Whoever causes hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both.

338. **Causing grievous hurt by act endangering life or personal safety of others**.—Whoever causes grievous hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine which may extend to one thousand rupees, or with both.

**ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭ તથા ૧૮૪ નીચે મુજબ છે.**

177. **General provision for punishment of offences**.—

Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to one hundred rupees, and for any second or subsequent offence with fine which may extend to three hundred rupees.

184. **Driving dangerously**.—

Whoever, drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public, having regard to all the circumstances of case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to two thousand rupees, or with both.

આમ, ઉપરોકત ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ પુરવાર કરતા નથી. જેથી હાલનો કહેવાતો બનાવ ફરીયાદપક્ષનાં પુરાવાથી સાબીત થતો નથી તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. જેથી આરોપી સામેનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર રહીને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે

તેમ માનીને મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.ર ના જવાબમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** આ કામના આરોપી નટુભાઈ રમણભાઈ ચૌહાણ, રહે.આણંદ ગામડી ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં, તા.જી.આણંદ નાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૭૧ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૮૧ વંચાણે લેતાં આરોપીએ રજુ રાખેલ ખત તથા જામીન ખત ઠરાવ જાહેર થયાનાં છ મહીના બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૨૪–૦૩–૨૦૨૬**
**માતર**

**(નરેન્દ્રકુમાર)**
**જયુડી.મેજી.ફ.ક.માતર**
**જજ કોડ: જીજે.૦૧૪૪૦**